Rajkot Rajpath Ltd.

*Connecting people with buses...*

**TENDER No. : RRL/2018-19/05**

# TENDER FOR "House Keeping work for 18 BRTS Bus Shelters on Rajkot BRTS Blue Corridor"

**October 2018**

## Milestone Dates

| | |
|---|---|
| Start date of downloading of tender: | 24-10-2018 from 12:00 hrs |
| Pre-bid meeting: | 01-11-2018 : 11:00 hrs |
| Last date of downloading of tender: | 12-11-2018 up to 17:00 hrs |
| Online submission of e-tender | 12-11-2018 up to 18:00 hrs |
| Submission of bid security / tender fee etc., in person | 13-11-2018 up to 18:00 hrs |
| Opening of technical bids | 14-11-2018 : 12:00 hrs onwards |
| Opening of price bid (For technically qualified bidder) | 15-11-2018 : 12:00 hrs onwards |

**GENERAL MANAGER**

**RAJKOT RAJPATH LTD.**

**(CIN: U93000GJ2012PLC072203)**

**Multi Activity Center, 03rd Floor, Nana Mava Chowk, 150' RING ROAD,**

**RAJKOT – 360005**

**E-mail: rmc.rrl@gmail.com Web – www.rajkotrajpath.com**

**Phone No: +91-281-2332855**

# RAJKOT RAJPATH LIMITED

**(A wholly owned subsidiary of Rajkot Municipal Corporation)**

---

**Tender For Housekeeping for 18 BRTS Bus Shelter on Rajkot BRTS Blue Corridor.**

Rajkot Rajpath Ltd. invites e-tender from the interested Housekeeping Agency for Housekeeping at **18 BRTS** Bus Shelters of Rajkot BRTS Blue Corridor **for three years**. The tender documents can be downloaded from the website **www.rmc.nprocure.com** up to dt.12/11/2018- 17:00 hours. The bidder has to submit the non–refundable Tender Fee of Rs.1,875/- (One Thousand Eight Hundred Seventy Five only) along with Earnest Money deposit of Rs.49,000/- (Rs.Forty Nine Thousand only) in the form of Demand Draft in favor of Rajkot Rajpath Ltd., payable at Rajkot. The last date of submission of the **e-Tender will be dt.12/11/2018** up to 18:00 hours. The Physical submission of technical Bid along with Tender fee and EMD will required to submit latest by dt.13/11/2018 up to 18:00 hrs. The technical Bid if possible, will be opened on the dt.14 /11/2018 day at 12.00 Hours.

**Sd/-**

**Chairman,**

Rajkot Rajpath Limited

પ્રતિ,

ચેરમેનશ્રી,

રાજકોટ રાજપથ લી.

રાજકોટ,

વિષય : રાજકોટ રાજપથ લી. દ્વારા બી.આર.ટી.એસ. ૧૮ બસ શેલ્ટર્સની સફાઈ માટે સફાઈ કામદાર તથા સુપરવાઈઝર પુરા પાડવાના કામે ત્રી-વાર્ષિક કોન્ટ્રાક્ટ (સને ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧) કરવાના કામનું ટેન્ડરસને ૨૦૧૮-૧૯

સવિનય જણાવવાનું કે ................................... દૈનિક વર્તમાનપત્રમાં તા. / /૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ જાહેરાત અનુસંધાને પ્રવર્તમાન સરકારી ધારાધોરણ તથા લાયાબીલીટી મુજબ રાજકોટ રાજપથ લી.એ નક્કી કરેલ શરતોને આધીન રહીને ૧૮બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સની સફાઈ કામ માટે સેવા પુરી પાડવા ઈચ્છીએ છીએ

(૦૧) કામની વિગત : રાજકોટ રાજપથ લી.ની માલીકીના ૧૮ બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સની સફાઈ કાર્ય કરવાનું કામ.

(૦૨) અર્નેસ્ટમનીની રકમ : રૂ|. ૪૯,૦૦૦/-

(૦૩) ટેન્ડર ફી (નોન-રીફંડેબલ) : રૂ|. ૧,૮૭૫/-

નેશનલાઈઝ્ડ શેડ્યુલ્ડ બેંક: ............................................ ડી. ડી.નં. : ...............................

તા. / /

(૦૪) ટેન્ડર રજુ કરનારનું નામ : ....................................................................................................

(૦૫) શોપ એક્ટ રજીસ્ટ્રેશન નં. :

તથા સંસ્થા શરૂ થયાની તા : / / (ઝેરોક્ષ સામેલ રાખવી)

(૦૬) પ્રોફેશનલ ટેક્સ રજી. નંબર : ....................................................................................................

છેલ્લા વર્ષની પ્રોફેશનલ ટેક્ષ

ભર્યાના પહોંચ નં. તથા તા. : / / (ઝેરોક્ષ સામેલ રાખવી)

(૦૭) હાઉસ કિપીંગ એજન્સીનું નામ : ....................................................................................................

(૦૮) સિક્યોરીટી ડિપોઝીટ : કુલ કામની કિંમતના – ૫% (પાંચ ટકા)

(૦૯) હાઉસ કિપીંગ એજન્સીની હેડ ઓફીસનું સરનામું:

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

ઓફીસ ટેલીફોન નં ............................................ મોબાઈલ નં ..............................................

(૧૦) રાજકોટ ખાતેની હાઉસ કિપીંગની ઓફીસનું સરનામું:

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

ઓફીસ ટેલીફોન નં ............................................ મોબાઈલ નં ..............................................

(૧૧) હાઉસ કિપીંગ એજન્સીના

પ્રોપરાઈટર/પાર્ટનરનું નામ : ..................................................................................

(૧૩) લેબર રેગ્યુલેશન એન્ડ એબોલીશન

એક્ટ મુજબ રજીસ્ટ્રેશન નં. : ..................................................................................

તથા છેલ્લે સર્ટીફીકેટ રીન્યુ થયેલ હોય તેની તા / /

(૧૪) ઇ-૧/ઇ-ર ગવર્નમેન્ટ રજીસ્ટ્રેશન નં:નં:.....................................................................

(૧૪) ઈ.એસ.આઈ. નંબર : ..................................................................................

તથા છેલ્લે સર્ટીફીકેટ રીન્યુ થયેલ હોય તેની તા / /

(૧૫) પી.એફ. એકા. નંબર : ..................................................................................

(૧૬) હાલ પી.એફ. ભરાતા હોય તે કચેરીનું સરનામું:

..............................................................................................................................................

..............................................................................................................................................

...............................................................

(૧૭) ગુડ્સ & સર્વિસ ટેક્ષ રજી. નં : ..................................................................................

તારીખ : / /

(૧૮) કોઈ પણ પ્રકારની ફોજદારી દિવાની કે ઈન્ડસ્ટ્રીયલ એક્ટ અંગેના ચાલુ કે પેન્ડીંગ કેસ છે કે કેમ ? હા / ના

(જો હોય તો તમામ ડોક્યુ. ની પ્રમાણીત નકલ બીડવી)

**અનુભવની વિગત:**

| સંસ્થાનું નામ | કામનું નામ | સફાઈ કામદાર ની સંખ્યા | સફાઈ કામની મુદ્દત |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

(જો હોય તો તમામ ડોક્યુ. ની પ્રમાણીત નકલ બીડવી)

-----------------------------

હાઉસ કિપીંગ એજન્સીના સહી સિકકા

## :: ટેન્ડરની શરતો ::

૧) ઈજારદારે હાઉસ કીપીંગ અંગેના ભાવો વર્ષ દિઠ આપવાના રહેશે.

૨) ટેન્ડર ભરનારે ટેન્ડરમાં સરકારશ્રીના પ્રવર્તમાન ટેક્સ સાથેના ભાવ આપવાના રહેશે.

૩) કોન્ટ્રાકટની સમયમર્યાદા કામ શરૂ થયાની તારીખથી 03 (ત્રણ) વર્ષનો રહેશે.

૪) ભાવ મંજુર થયા બાદ કોન્ટ્રાકટરશ્રીએ કુલ કામની કિંમતના – ૫% (પાંચ ટકા) મુજબની સીક્યુરીટી ડીપોઝીટનો નેશનલાઈઝ્ડ સીડયુલ બેન્કનો એફ.ડી.આર. કઢાવી એફ.ડી.આર. પાછળ રેન્વયુ સ્ટેમ્પ પર કોન્ટ્રાકટરશ્રીએ સહી કરી રાજકોટ રાજપથ લી. માં નિયત સમયમાં રજુ કરવાનો રહેશે તથા રૂા.૧૦૦/- નાં સ્ટેમ્પ પેપર ઉપર રાજકોટ રાજપથ લી. ની ફેવરમાં જરૂરી કરારનામું કરી આપવાનું રહેશે, કરાર નામાનો મુસદ્દો રાજકોટ રાજપથ લી. શાખામાંથી આપવામાં આવશે. સરકારશ્રીનાં વખતોવખતનાં નિયમ મુજબ આઇટી. બીલમાંથી કપાત કરવામાં આવશે તેમજ કેન્દ્ર તથા રાજય સરકારશ્રી દ્વારા જે કોઇ ટેકસ કે વેરો નાખવામાં આવે તે બીલમાંથી કપાત કરવામાં આવશે.

૫) કોન્ટ્રાકટરશ્રીનાં ભાવ મંજુર થયા બાદ નિયત સમયમર્યાદામાં સીક્યુરીટી ડીપોઝીટ ભરપાઈ કરી કરાર કરવામાં નહી આવેતો કોન્ટ્રાકટરની ઇ.એમ.ડી. જપ્ત કરી કોન્ટ્રાકટરને રાજકોટ રાજપથ લી તથા રાજકોટ મહાનગરપાલિકાનાં કોઇપણ કામ માટે ત્રણ વર્ષ માટે ડી-બાર્ડ/બ્લેકલીસ્ટ કરવામાં આવશે.

૬) રાજય સરકારનાં નકકી થયેલા ચાર્જ કે વખતોવખત લાગુ પડતા જે તે કાયદા હેઠળ નકકી થતા ચાર્જ કે સરકારી/અર્ધસરકારી ટેક્સ/ચાર્જ/ફી/વેરા આપવાની જવાબદારી ઇજારદાર રહેશે. ઉપરોકત ઇજારાની મુદત પુરી થયા બાદ પણ જો સરકારશ્રી તરફથી લેણું નીકળતું હશે તો રાજકોટ રાજપથ લી. ઇજારદાર પાસેથી તેવું લેણું લેવાહક્કદાર રહેશે.

(૭) આ કામગીરી દરમ્યાન કોન્ટ્રાકટરનાં સાધનો કે માણસો દ્વારા કોન્ટ્રાકટરશ્રીનાં માણસો, કે રાહદારીને કોઇપણ અકસ્માત થાય કે મૃત્યુ થાય તેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે તેમાં રાજકોટ રાજપથ લી. ની કોઇપણ જાતની જવાબદારી રહેશે નહી. છતાં આ કામ દરમ્યાન કોઇપણ વ્યકિતને ઇજા થાય કે મૃત્યુ થાય અને રાજકોટ રાજપથ લી ઉપર કલેઇમ કે અન્ય કોઇપણ પ્રકારનો કેસ અથવા જવાબદારી નકકી કરવામાં આવે તો તે કલેઇમ કેસની માંગણીની રકમ કોન્ટ્રાકટરશ્રીનાં બીલમાંથી કપાત કરવામાં આવશે અને ડીપોઝીટ તરીકે જમા લેવામાં આવશે અને કલેઇમ પુર્ણ

થયે તે રકમ જે તે વ્યકિતને ચુકવવામાં આવશે અને જો રકમ વધતી હશે તો કોન્ટ્રાકટરશ્રીને પરત ચુકવવામાં આવશે અને જો રકમ ઘટતી હશે તો કોન્ટ્રાકટરશ્રીનાં સીક્યુરીટી ડીપોઝીટ માંથી કપાત કરવામાં આવશે.

(૮) કોઇપણ સંજોગોમાં કોન્ટ્રાકટરશ્રી દ્વારા કોન્ટ્રાકટની મુદત પુરી થતા પહેલા કામ અધુરૂ મુકવામાં આવશેતો સીકયોરીટી ડીપોઝિટ જપ્ત કરીને અને આર.આર.એલ. તથા મહાનગરપાલિકાનાં કોઇપણ કામ માટે કોન્ટ્રાકટરને ત્રણ વર્ષ માટે ડી-બાર્ડ/બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

(૯) ઇજારદારે ફરજીયાતપણે પ્રવર્તમાન કાયદા હેઠળ લેબર લાયસન્સ રજુ કરવાનું રહેશે લેબર કાયદા અંગે ઉભી થનાર તમામ જવાબદારી ઇજારદારની રહેશે.

(૧૦) કોન્ટ્રાકટરશ્રીએ સરકારનાં કાયદા મુજબ લેબર લાયસન્સ ઇ.એસ.આઇ., પી.એફ. નંબર મેળવવો જરૂરી છે. ઉપર જણાવેલ કાગળોની આ કોન્ટ્રાકટમાં જરૂરત ન હોય અને લાગુ પડતુ ન હોય તો કોન્ટ્રાકટરશ્રીએ રૂા. ૧૦૦/- નાં સ્ટેમ્પ પેપર ઉપર નોટરી મેજીસ્ટ્રેટનાં સહી સીકકા કરાવી સોગંદનામું રજુ કરવાનું રહેશે આ સોગંદનામાનો મુસદ્દો રાજકોટ રાજપથ લી.માંથી આપવામાં આવશે

(૧૧) બીલનું પેમેન્ટ મહીનામાં એક વખત કરવામાં આવશે. બીલમાં ટેન્ડરની શરતો મુજબ કામગીરી કરેલ છે, તેવું પ્રમાણપત્ર આપવાનું રહેશેત્યાર બાદ પેમેન્ટ આપવાનું રહેશે

(૧૨) આવેલ ભાવ પૈકી કોઇપણ ભાવ મંજુર/ નામંજુર કરવા અંગે ચેરમેનશ્રી, રાજકોટ રાજપથ લી.નો હકક અબાધિત રહેશે.

(૧૩) આ કોન્ટ્રાકટ દરમ્યાન કોન્ટ્રાકટરશ્રી દ્વારા કોઇપણ પ્રકારની ગેરરીતી, આચરતા હોવાનું માલુમ પડશે અને રાજકોટ રાજપથ લી.ને કોઇપણ પ્રકારનું આર્થિક નુકશાન થતું હોવાનું માલુમ પડશે તો આ કોન્ટ્રાકટ કોઇપણ જાતની નોટીસ વગર રદ કરવામાં આવશે, કોન્ટ્રાકટરની સીકયોરીટી ડીપોઝીટ ફોરફીટ/જપ્ત કરવામાં આવશે તથા કોન્ટ્રાકટરને રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ રાજપથ લી. નાં કોઇપણ કામ માટે પાંચ વર્ષ માટે ડી-બાર્ડ/બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

(૧૪) ઇજારદારો જે કામદારોને આ કામે રોકવામાં આવે તે તમામ કામદારોની ઓળખ સહિતની (આઇડેન્ટી કાર્ડ) નામ, સરનામાની યાદી જનરલ મેનેજર, રાજકોટ રાજપથ લી., મલ્ટી એક્ટીવીટી સેન્ટર, ત્રીજો માળ, નાના મવા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટની ઓફીસમાં આપવાની રહેશે. તેમજ ઓળખપત્ર ઇજારદારની સહી - સિકકા સહિતનું કામદારોને આપવાનું રહેશે

(૧૫) ઈજારદાર દ્વારા રાજકોટ રાજપથ લી.ના જનરલ મેનેજરશ્રી અથવા ડે. જનરલ મેનેજરશ્રી(ઓ.) ની મંજુરી લઈને સફાઈ કામદારની નીમણુંક કરવાની રહેશે રાજકોટ રાજપથે લી.ના જનરલ મેનેજરશ્રી અથવા ડે. જનરલ મેનેજરશ્રીની પૂર્વ મંજુરી મેળવવા સિવાય અન્ય વ્યક્તિને કામ પર રાખી શકાશે નહિ. અન્યથા નીયમાનુસાર પેનલ્ટી લગાવવામાં આવશે.

(૧૬) સફળ ઇજારદારે નિમણુંક કરેલ સ્ટાફને આઇડેન્ટી કાર્ડ આપવનાં રહેશે તથા નકકી કર્યા મુજબ યુનીફોર્મમાં જ હોવા જઇશે જો સ્ટાફ પૈકીનો કોઇ કર્મચારી યુનિફોર્મ વગર ફરજ પર હાજર હશે તો રાજકોટ રાજપથ લી. દ્વારા નીયમાનુસાર પેનલ્ટી લગાડવામાં આવશે

(૧૭) ઈજારદારે દ્વારા નીમણુંક કરવામાં આવેલ સફાઈ કામદાર તથા સુપર વાઈઝરઆઇડેન્ટી કાર્ડ વગર ફરજ પર માલુમ પડશે તો રાજકોટ રાજપથ લી. દ્વારા નીયમાનુસાર પેનલ્ટી લગાડવામાં આવશે

(૧૮) કોન્ટ્રાકટર દ્વારા જે વ્યકિતઓને આ કામ માટે રોકવામાં આવી હોય, તેઓને કોઇપણ સંજોગોમાં લઘુતમ વેતનથી ઓછો પગાર આપી શકાશે નહી. અને સરકારશ્રી દ્વારા વખતોવખત જે વેતન સુધારો કરવામાં આવે તે મુજબ વેતન ચુકવવાનું રહેશે.આ અંગેની કોઇપણ પ્રકારની કાયદાકીય તકરાર ઉભી થશે તે બાબતેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ કામે રાખેલ માણસો (વ્યકિતઓ) પુખ્તવયનાં હોવા જરૂરી છે.

(૧૯) કોઇપણ સંજોગોમાં બાળ કામદારો તથા વૃધ્ધો અશકત, અપંગ કે ચેપી રોગથી પીડાતી વ્યકિતને કામે રાખી શકાશે નહી.

(૨૦) ઇજારદાર તરફથી જે કામદારો કામ અંગે રોકવામાં આવે તે કામદારોનાં પગાર, ભથ્થા, રજા વિગેરે કોઇપણ હકક માટે રાજકોટ રાજપથ લી.ની કોઇપણ જવાબદારી રહેશે નહી, તેમજ તેઓ રાજકોટ રાજપથ લી. નાં કર્મચારીઓ કોઇપણ રીતે ગણાશે નહી.

(૨૧) આવેલ ટેન્ડર/તમામ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવાનો હકક સક્ષમ સતાને અબાધિત રહેશે. જે અંગે કોઇપણ જાતનાં કારણો આપવામાં આવશે નહી. તેમજ ટેન્ડરો ખોલ્યા બાદ આવેલ ભાવો બાબતે કોઇપણ પ્રકારનું નેગોશીયેશન કરવામાં આવશે નહી

(૨૦) ઇજારાની શરતો અંગે કોઇપણ પ્રકારનાં મતભેદ કે અર્થઘટનની બાબતમાં કોઇપણ પ્રકારનો વિવાદ ઉભો થાય તો રાજકોટ રાજપથ લી.નાં ચેરમેનશ્રી/બોર્ડ ઓફ ડીરેકટરનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે પાછળથી આ બાબતે કોઇ તકરાર ચાલશે નહી. આ અંગે જરૂર પડયેથી કાયદેસર પગલા લઇ શકાશે. આ અંગે કોર્ટમાં દાવો ચલાવવા ફકત રાજકોટ સીવીલ કોર્ટનું જયુરીડીકશન રહેશે.

(૨૧) આ કામગીરીનાં સુપરવીઝન માટે જરૂરી સુપરવાઇઝર કોન્ટ્રાકટરશ્રીએ રાખવાનો રહેશે અને સુપરવાઇઝર પાસે મોબાઇલ ફોન હોવો જરૂરી છે.

(૨૨) ઈજારદારે દરેક સફાઈ કામદાર તથા સફાઈ સ્ટાફનું પોલીસ વેરીફિકેશન કરાવવાનું રહેશે પોલીસ વેરીફિકેશન સિવાય સફાઈ કામદારને કામ પર રાખી શકાશે નહિ અન્યથા રાજકોટ રાજપથ લી. દ્વારા નિયમાનુસાર પેનલ્ટી લગાડવામાં આવશે

(૨૩) સક્ષમ અધિકારી કે કર્મચારી દ્વારા કોન્ટ્રાકટરશ્રીને લેખીત/ મૌખીક સુચના આપવામાં આવે અને કોન્ટ્રાકટરશ્રી દ્વારા તેનો અમલ કરવાનો રહેશે જેમાં ચુક થયે પેનલ્ટી લગાડવામાં આવશે

(૨૪) આ કામની ટેન્ડરની શરતોમાં જરૂરી જણાયેથી ફેરફાર કરવા રાજકોટ રાજપથ લીનાં ચેરમેનશ્રી અધિકૃત રહેશે. જે ફેરફાર ઇજારદારને મંજુર તેમજ બંધનકર્તા રહેશે

(૨૫) આ કોન્ટ્રાકટની મુદત પુર્ણ થયા બાદ નવો કોન્ટ્રાકટ આપવામાં ન આવે અને રાજકોટ રાજપથ લી નાં ચેરમેનશ્રી ઇચ્છે તો કોન્ટ્રાકટરશ્રીએ વધુમાં વધુ છ માસ માટે તેમનાં મંજુર થયેલ ભાવ અને આ શરતો મુજબ આ કામગીરી ચાલુ રાખવાની રહેશે કોન્ટ્રાકટરશ્રી તેનો ઇન્કાર કરી શકાશે નહી, અને જો કોન્ટ્રાકટરશ્રી દ્વારા ઇન્કાર કરવામાં આવશે તો તેમની સીક્યુરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૨૬) કોન્ટ્રાકટરશ્રીની તમામ કામગીરી પર રાજકોટ રાજપથ લી.ના જનરલ મેનેજર/ડે. જનરલ મેનેજર /આસી.ઇજનેર/ફીલ્ડ ઓફીસર સ્ટાફ તેમજ ઉપરી અધિકારીઓ તરફથી વખતો વખત આપવામાં આવતી સુચનઓનું પાલન કરવાનું રહેશે

(૨૭) આ ટેન્ડરનો વેલીડીટી પીરીયડ પ્રાઇઝ બીડ ખોલ્યાની તારીખથી ૧૮૦ દિવસનો ગણવામાં આવશે.

(૨૮) ઇજારદારની કામગીરી સંતોષકારક નહી લાગે તથા નિયમિત સાફ સફાઇ નહી કરવામાં આવે અથવા ઇજારદારે અધિકૃત અધિકારીની સુચનાઓનું યોગ્ય પાલન કરતા નહી જણાશે તો તેવા પ્રસંગે કોઇપણ જાતની નોટીસ આપ્યા સિવાય ઇજારો રદ્દ કરવામાં આવશે અને સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. આ અંગે કોઈપણ સંજોગોમાં ઇજારદાર તરફથી કોઇપણ જાતની તર – તકરાર કે દર – દાવો કરવામાં આવશે તો તે સ્વીકારવામાં આવશે નહી.

(૨૯) દર માસે સાફ સફાઇ અંગેની કામગીરી સંતોષકારક કર્યા અંગેનું પ્રમાણપત્ર ડે જનરલ મેનેજરશ્રી (ઓપરેશન) પાસેથી મેળવી ઇજારદારે માસીક બીલની સાથે રજુ કરવાનું રહેશે

(૩૦) ઇજારદારે પોતાનાં સફાઇ કામદારોનું હાજરી પત્ર બનાવી દરરોજરાજકોટ રાજપથ લી.નાં સંલગ્ન અધિકારીશ્રી ની સહી મેળવવાની રહેશે.

(૩૧) સાફ – સફાઇની કામગીરી દરમ્યાન લાઇટ, પંખા, કોમ્પ્યુટર, ફર્નીચર સંસ્થાનાં માલ – સામાનને કોઇપણ જાતનું નુકશાન નહી થાય તેની કાળજી રાખવાની રહેશે તેમ છતાં જો નુકશાન થશે અથવા માલ સામાન ગુમ થશે તો માલની પુરેપુરી કિંમત ઇજારદારનાં બીલમાંથીવસુલ કરવામાં આવશે.

(૩૨) ઇજારદારે ઓફર આપતા પહેલા રાજકોટ રાજપથ લી.નાં ૧૮ બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સના હાઉસ કીપીંગ અંગેની જગ્યા તથા હદ વિસ્તાર પુરેપુરોજોઈનેજ ભાવ ભરવામાં આવશે.

(૩૩) સાફ સફાઇથી એકત્રિત થયેલો કચરો પોતાનાં સાધન દ્વારા પ્રતિરોજ રાજકોટ મહાનગરપાલિકાની બંધ કચરાપેટી માં નિકાલ કરવાનો રહેશે.

(૩૪) રાજકોટ રાજપથ લી. દ્વારા પ્રસંગોપાત બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સને લગત હાઉસકીપીંગ ને લગતી વધારાની કામગીરી આ કામનાં ઇજારદારને સોંપવામાં આવે તો તે વિના મુલ્યે કરી આપવાની રહેશે.

(૩૫) ઇજારદારે પોતાના માલિકીના ઓછામાં ઓછા બે વેક્યુમ ક્લીનર તેમજ બ્લોવર ફરજીયાત પણે વસાવવાના રહેશે અને તે બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સની સફાઈ માટે વાપરવાનું રહેશે

(૩૬) ઇજારદારે બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સ ફરતે આવેલ આંતરિક રોડ તથા બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સની આંતરિક તથા બાહય પરીસરની સફાઇ અન્વયે એકત્રિત થયેલ ઘન કચરો નજીકની રાજકોટ મહાનગરપાલિકાની બંધ કચરાપેટીમાં નિકાલ કરવાનો રહેશે જેનું અલગથી કોઇ ચુકવણું કરવામાં આવશે નહી

(૩૭) ઇજારદારે હાઉસ કીપીંગનાં કામ માટે સવારે ઓછામાં ઓછા કુલ – ૧૧ (અગીયાર) કામદારો તથા ૧(એક) સુપરવાઈઝર રાખવાના રહેશે. હાઉસ કીપીંગની કામગીરી સવારે – ૭:૦૦ કલાકથી શરૂ કરવાની રહેશે. આમ છતા કામગીરીની સરળતા ખાતર ઉપરોકત સમયથી વધારે કામગીરી બજાવવાની જણાય તો તે બજાવવાની રહેશે તથા આ અંગેનો કોઇજ વધારાનો ખર્ચ ચુકવવામાં આવશે નહી.

૩૮)   બી.આર.ટી.એસ. ના ૧૮ બસ શેલ્ટર્સ  દિઠ માણસો ગોઠવવાની વિગત

| ક્રમ નં | બી.આર.ટી.એસ. શેલ્ટર્સ | સફાઈ હેતુ માણસો ગોઠવવાની વિગત |
|---|---|---|
| ૧ | ગોંડલ ચોક | **ત્રણ(૦૩) વ્યક્તિ** |
| ૨ | પુનીતનગર સોસાયાટી (વાવડી) | |
| ૩ | ગોવર્ધન ચોક (ઈંગલ રેસીડેન્સી) | |
| ૪ | આંબેડકર ચોક (આસ્થા રેસીડેન્સી) | |
| ૫ | ઉમીયા ચોક | |
| ૬ | મવડી ચોક | **ત્રણ(૦૩) વ્યક્તિ** |
| ૭ | ઓમનગર (પ્રણામી ચોક) | |
| ૮ | મહાપુજાધામ ચોક | |
| ૯ | નાનામવા ચોક (વિરાંગના અવંતિબાઈ લોધી ચોક) | |
| ૧૦ | વેસ્ટઝોન ઓફિસ આર.એમ.સી. | |
| ૧૧ | ઇન્દિરા સર્કલ | **ત્રણ(૦૩) વ્યક્તિ** |
| ૧૨ | રૈયા ટેલીફોન એક્ક્ષચેન્જ | |
| ૧૩ | રૈયા ચોક (શ્રીમદ્ બુધ્ધીસાગર ચોક) | |
| ૧૪ | નાણાંવટી ચોક | |
| ૧૫ | રામાદેવપીર ચોક | |
| ૧૬ | શીતલ પાર્ક | **બે(૦૨) વ્યક્તિ** |
| ૧૭ | અયોધ્યા ચોક | |
| ૧૮ | માધાપર ચોક | |

(૩૯) રાજકોટ રાજપથ લી. દ્વારા બી. આર. ટી. એસ . બસ શેલ્ટર્સની સફાઈ કામગીરી દરમ્યાન સફાઈ કામદારો તથા સુપરવાઈઝર માટે પીળા રંગ તથા રેડિયમ કલરના જેકેટ ફરજીયાત પહેરવાનું રહેશે જે સફાઈ એજન્સી દ્વારા સફાઈ કામદારોને તથા સુપરવાઈઝરને ગણવેશ હેતુ ઉપરોક્ત દર્શાવેલ રંગનું જેકેટની વ્યવસ્થા કરવાની રહેશે.

(૪૦) ઈજારદારે સંજોગોવસાત કોઈ કામદાર ગેરહાજર રહેતો તેના સ્થાને વૈકલ્પીક વ્યવસ્થા કરવાની રહેશે અને તેની આગોતરા જાણ રાજકોટ રાજપથ લી.નાં સંલગ્ન અધીકારીશ્રીને કરવાની રહેશે

(૪૧) ઈજારદારે દરેક બસ સેક્ટર દિઠ સફાઈ અંગેનો દૈનિક રીપોર્ટ ચેક લીસ્ટ અંત્રેને રજુ કરવાનું રહેશે

# <u>સ્કોપ ઓફ વર્ક</u>

૧) બી.આર.ટી.એસ. બસ રૂટ પર ગોંડલ ચોક થી માધાપર ચોક પર આવેલ ૧૮ બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સ ની દિવસમા એક વખત સફાઈ કરવાની રહેશે. જે પૈકી એક બસ શેલ્ટરની વિગત નીચે મુજબ છે.

૧) બસ શેલ્ટર્સ નો એરીયા ૩૬ મીટર * ૩ મીટર = ૧૦૮ ચો.મી. (**ફ્લોરીંગ**)

૨) બસ શેલ્ટર્સ ચાલુ થયેથી ૮૦ મીટર સુધીની સફાઇ

(૨ * ૩.૩૫ * ૮૦) + (૩ * ૪૪) = ૫૩૬ +૧૩૬ = ૬૬૮ ચો.મી. (**સ્ક્રેપીંગ**)

3) બસ શેલ્ટર્સની દૈનીક સફાઈ ૬૬૮ ચો.મી. + ૧૦૮ ચો.મી. = ૭૭૬ મીટર

૨) બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સ ની દરરોજ સવાર દરમ્યાન નીચે મુજબ ની સફાઈ ની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૧) બસ શેલ્ટર્સ ની અંદર તથા બહાર નું તમામ (**ફ્લોરીંગ**) તથા બહારના કંમ્પાઉન્ડ (**સ્ક્રેપીંગ**) ની સફાઈ

૨) બસ શેલ્ટર્સ ની અંદર તથા બહાર ના એલ્યુમીનીયમ કમ્પોઝીટ પેનલની સફાઈ

3) બસ શેલ્ટર્સ ની અંદર તથા બહારના કાચ ની સફાઈ

૪) બસ શેલ્ટર્સ ની અંદરના સ્ટેનલેસ સ્ટીલ ના રોપ (વાયર્સ) ની સફાઈ

૫) બસ શેલ્ટર્સ ની અંદર ના ડિસપ્લે (પેસેન્જર ઈન્ફોર્મેશન સીસ્ટેમ) ની સફાઈ

૬) બસ શેલ્ટર્સ ની અંદર તથા બહારની જાહેરાત (એડવર્ટાઈઝમેન્ટ) ના ડિસ્પલેની સફાઈ

૭) બસ શેલ્ટર્સ ની બહારના બંને બલ્બની સફાઈ તથા સ્ટીલ પાઈપ નીસફાઈ

૮) બસ શેલ્ટર્સ ની ટીકીટ કેબીન, ટેબલ, ખુરશી ની અંદર તથા બહારની બાજુ સફાઈ

૯) બસ શેલ્ટર્સ ની અંદરની બાજુ પર રાખેલ યુ.પી.એસ. તથા સ્ટેબીલાઈઝર રાખવાનો કબાટ ની સફાઈ

૧૦) બસ શેલ્ટર્સ ની અંદરની બાજુ તથા બહારની બાજુ પર થી તમામ કાચની સફાઈ

૧૧)	બસ શેલ્ટર્સ ની ટીકીટ કેબીન તથા યુ.પી.એસ. રાખવાની જગ્યા પર કે જયાં સફાઈ ન થઈ શકે ત્યાં બ્લોવરથી તથા વેક્યુમ ક્લીનરથી સફાઈ કરવાની રહેશે.

૧૨)	બી.આર.ટી.એસ. બસ રૂટ પર ના ૧૮ બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સ ની કચરા ટોપલી રોજે બે વખત રાજકોટ મહાનગરપાલિકાની નજીકની કચરાપેટીમાં ખાલી કરી સાફ કરવાની રહેશે.

૧૩)	૧૮ બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સ પરના ફ્લોરીંગ તથા એન્ટ્રી રેમ્પની બંન્ને બાજુ ગ્રેનાઈટ ને સાવરણી થી વાળીને તથા ફીનાઈલના પોતાથી સઘન સફાઈ કરવાની રહેશે.

૧૪)	બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સ ના ટ્યુબલાઈટ, પંખાની અઠવાડીક સફાઈ કરવાની રહેશે.

૧૫)	રાજકોટ રાજપથ લી.ના ફિલ્ડ ઓફીસર સુચવે ત્યાં સફાઈ કરવાની રહેશે

## <u>અઠવાડીક / પખવાડિક/ માસિક:</u>-

૧)	બસ શેલ્ટર્સમાં જરૂર પડ્યે બ્લોવરથી તથા વેક્યુમ ક્લીનરથી સફાઈ કરવાની રહેશે

૨)	બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સના અંદર તથા બહારના ભાગે સીલીંગ તથા માહિતી બોર્ડ તેમજ જાહેરાતના અંદર બહારના હોર્ડીંગ્સની સફાઈ દર માસની ૧ લી તથા માસીક ૧૭મી તારીખે કરવાની રહેશે.

૩)	બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સની અગાશીની સફાઈ મહીનામાં એકવાર કરવાની રહેશે.

## સાધનસામગ્રી

૧)	સાવરણી સાવરણા, ઉભા ઝાડુ, પોતા, એસીડ, ફીનાઈલ, ટીકીટ કેબીનમાં એક એર ફ્રેશનર, ગ્લાસ ક્લીનીંગ લીકવીડ, ફ્લોર ક્લીનીંર, ડીસ ઈન્ફેક્ટ્ન્ટ, ડીટરજંટ પાઉડર સફાઈ અંગેના લીક્વીડ

૨)	સેફટી ઈકવીપમેંટ (જરૂરીયાત મુજબ)

૩)	સ્ક્રબર, ડ્રાયર, હાઈ પ્રેશર વોટર બ્લાસ્ટર, વેક્યુમ ક્લીનર વિગેરે

૪)	ટેબલ, બાવા ઝાળા કાઢવા માટેનો ઉભો ઘોડો, ઝુલો વિગેરે

૫)	અગાશી, એલ્યુમીનીયમ કમ્પોઝીટ પેનલ તથા બહારના કાચની સફાઈ હેતુ ૫(પાંચ) મીટર ઉંચાઈ નું વ્હીલ સહીત નો ઘોડો.

## પેનલ્ટીની વિગતઃ-

(૧) સફાઇ કામદારોની નિયત સંખ્યામાં જે કોઇ દિવસે ઘટાડો જોવા મળે એટલે કે તેઓની ગેરહાજરી માલુમ પડે / અપુરતી હાજરી જણાય તો તેવા કિસ્સામાં તેઓની ગેરહાજરી પેટે પ્રતિ વ્યકિત પ્રતિ દિનનાં વેજીસ ઉપરાંત રૂા.૧૦૦/- (અંકે રૂ|. એકસો પુરા/-) પ્રતિ વ્યકિત પ્રતિદિન મુજબની પેનલ્ટી ઇજારદાર નાં બીલમાંથી કાપી લેવામાં આવશે

(૨) હાઉસકીપીંગની કામગીરી જેટલા દિવસ થશે નહી તે દરેક દિવસ પ્રતિ બસ શેલ્ટર્સ દીઠ એજન્સીને મળનાર રકમ ઉપરાંત રૂા.૫૦૦/- (અંકે રૂ|. પાંચસો પુરા/-) માસિક બીલમાંથી કાપી લેવામાં આવશે.

(૩) સાફસફાઇ માં ફીનાઇલ, વોશીંગ પાઉડર, ટાઇલ્સ કલીનર વિગેરે વાપરવામાં નહી આવે તો રૂા. ૧૫૦/- (અંકે રૂ|. એક્સો પચાસ પુરા/-)પ્રતિ દિન પ્રતિ બસ શેલ્ટર્સ લેખે પેનલ્ટી ઇજારદારનાં માસીક બીલમાંથી કાપી લેવામાં આવશે.

(૪) જો સતત ત્રણ દિવસ સુધી સાફ સફાઇ કરેલ જણાશે નહી તો ચોથા દિવસથી રૂા ૧૦૦૦/- (અંકે રૂ|. એક હજાર પુરા/-) પ્રતિ દિન પ્રતિ બસ શેલ્ટર્સ લેખે પેનલ્ટી વસુલવામાં આવશે

(૫) જનરલ મેનેજરશ્રી અથવા ડે. જનરલ મેનેજરશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય અન્ય વ્યકિતને કામ પર રાખવામાં આવશે તો રાજકોટ રાજપથ લી. દ્વારા રૂ|. ૧૦૦/- (અંકે રૂ|. એક સો પુરા/-) ની પેનલ્ટી વસુલવામાં આવશે

(૬) જો સફાઈ કામદાર તથા સુપર વાઈઝર પૈકીનો કોઇ કર્મચારી યુનિફોર્મ વગર ફરજ પર હાજર હશે તો પ્રત્યેક કર્મચારીદીઠ પ્રતિ દિન રૂા.૫૦/- (અંકે રૂ|. પચાસ પુરા/-)ની પેનલ્ટી રાજકોટ રાજપથ લી. દ્વારા વસુલવામાં આવશે

(૭) જો સફાઈ કામદાર તથા સુપરવાઈઝર આઇડેન્ટી કાર્ડ વગર ફરજ પર માલુમ પડશે તો કર્મચારી દિઠ પ્રતિ દિન રૂા.૨૫/-(અંકે રૂ|.પચ્ચીસ પુરા/-)ની પેનલ્ટી રાજકોટ રાજપથ લી. દ્વારા વસુલવામાં આવશે.

(૮) બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સની અગાસીની પ્રતિ માસ એકવાર સફાઈ કરવામાં ન આવે, તો પ્રતિ બસ શેલ્ટર્સ પ્રતિ માસ રૂ|.૧,૦૦૦/-ની પેનલ્ટી લગાવવામાં આવશે.

(૯) બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સના અંદર તથા બહારના ભાગે સીલીંગ તથા માહિતી બોર્ડ તેમજ જાહેરાતના અંદર બહારના હોર્ડીંગ્સની સફાઈ કરવામાં ન આવે, તો પ્રતિ બસ શેલ્ટર્સ લેખે પ્રતિ દિન લેખે રૂ|.૧,૦૦૦/- ની પેનલ્ટી લગાવવામાં આવશે.

(૧૦) સવારે દર્શાવવામાં આવેલ સમય અનુસાર સફાઈ શરૂ કરવામાં નહીં આવે તો પેનલ્ટી પ્રતિ દિન લેખે રૂ|.૧,૦૦૦/-ની લગાવવામાં આવશે.

**આ ટેન્ડર ભરવા માટે ઈજારેદારની લાયકાત નીચે મુજબ છે.**

(૧) ઇ-૧/ઇ-૨ ગવર્નમેન્ટ રજીસ્ટ્રેશન અથવા રજીસ્ટર્ડ સેનીટરી માર્ટ સહકારી મંડળી લી

(૨) ટેન્ડર ભરનારે આ પ્રકારની કામગીરીનો એટલે કે હાઉસ કીપીંગ અંગેનું કામ અંગેનો કોઇપણ સરકારી કે અર્ધસરકારી કે પ્રા.લી. કે કોર્પોરેટ સેકટરનો ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.

(૩) ટેન્ડર ભરનારે ટેન્ડર કિંમતની ૨૫% રકમની બેન્ક સોલવન્સી આપવાની રહેશે તથા ૨૫% રકમની વર્કીંગ કેપીટલ દર્શાવતા આધાર પુરાવા રજુ કરવાના રહેશે.

(૪) ટેન્ડર ભરનારે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછું રૂા.૧૬,૨૭,૯૦૦/- (અંકે રૂ|. સોળ લાખ સત્યાવીસ હજાર નવસો પુરા/-)નું એવરેજ એન્યુઅલ ટર્નઓવરનું સર્ટીફીકેટ આપવાનું રહેશે અથવા આ પ્રકારની કામગીરી માટેનું ચાર્ટડ એકાઉન્ટન્ટ (સી.એ.)નું સર્ટીફીકેટ આપવાનું રહેશે

(૫) ટેન્ડર ભરનારે રાજકોટ રાજપથ લી. નાં નામનો ઇ.એમ.ડી. નો રૂા.૪૯,૦૦૦/- (અંકે રૂ|. ઓગણ પચાસ હજાર પુરા/-) નો નેશનલાઈઝડ નેશનલાઈઝડ શેડયુલ્ડ બેંક્નો ડીમાન્ડ ડ્રાફ્ટ તથા ટેન્ડર ફીનો રૂા.૧,૮૭૫/- (અંકે રૂ|. એક હજાર આઠસો પંચોતેર પુરા) નોન – રીફંડેબલ નો ડીમાન્ડ ડ્રાફ્ટ આપવાનો રહેશે.

(૬) એજન્સીના પ્રોફેશનલ ટેક્સ, શોપ એક્ટ લાઈસન્સ, ગુડ્સ & સર્વિસ ટેક્સ, લેબર, ESIC તથા EPF રજીસ્ટ્રેશનની વિગત

(૭) એજન્સી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, અર્ધસરકારી સંસ્થા, કોર્પોરેશન કે એસ.પી.વી. માંથી બ્લેકલીસ્ટ કે ડિ-બાર્ડ થયેલ નથી. તેવું સોગંદનામું રૂ.૫૦/-ના સ્ટેમ્પ પેપર પર રજુ કરવાનું થશે

(૮) ટેન્ડરરે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટસ સામેલ કરવાનું રહેશે

ઉપરોકત તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલો, તેમજ ટેન્ડર ડોકયુમેન્ટ્ના દરેક પેઈજ પર સહી સિક્કા કરીને ટેન્ડર ભરનારે રાજકોટ રાજપથ લી., મલ્ટી એક્ટીવીટી સેન્ટર, ૦૩જો માળ, નાના મવા ચોક, ૧૫૦ ફીટ રીંગ રોડ, રાજકોટમાં જનરલ મેનેજરશ્રી ને તા. / /૨૦૧૮ નાં સાંજે ૬-૦૦ કલાક પહેલા રૂબરૂ પહોંચાડવાનું રહેશે.

ચેરમેન,

રાજકોટ રાજપથ લી.

# <u>રાજકોટ રાજપથ લી.</u>

<u>(કંપની એક્ટ ૧૯૫૬ હેઠળ સંસ્થાપિત રાજકોટ મહાનગર પાલિકાની ૧૦૦% હસ્તાંતરીત કંપની)</u>

| શેડ્યુલ – " એ" | | |
|---|---|---|
| ક્રમ | કામની વિગત | કામની અંદાજીત કિંમત પ્રતિ વર્ષ |
| ૧ | રાજકોટ રાજપથ લી.ના ૧૮ બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સ ખાતે હાઉસ કીપીંગ નું કામ | રૂ|. ૧૬,૨૭,૯૦૦/- (અંકે રૂ|. સોળ લાખ સત્યાવીસ હજાર નવસો પુરા/-) |

નોંધ :- ઉપરના શીડ્યુલ માં જણાવ્યા મુજબની કામગીરી સામે દર્શાવેલ અંદાજીત કિંમતના ઓછા/ વધુ ટકા મુજબ ઓન લાઈન ભાવો ભરવાના રહેશે.

જનરલ મેનેજર,
રાજકોટ રાજપથ લી.

:: પત્રક ::

| ક્રમ | વિગત | અંદાજીત ક્ષેત્રફળ (ચો. મી. પ્રતિ બસ શેલ્ટર) | ફર્સ નો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | બી.આર.ટી.એસ.ના ૧૮ બસ શેલ્ટર્સ ની અંદરની બાજુ (ફ્લોરીંગ) | ૧૦૮ | રીવરવોશ |
| ૨. | બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સ ની બહાર ની બાજુ(સ્ક્રેપીંગ) | ૬૬૮ | આર.સી.સી. |

જનરલ મેનેજર,
રાજકોટ રાજપથ લી.

# <u>પ્રાઇઝ બીડ</u>

પ્રતિ,

ચેરમેન શ્રી,

રાજકોટ રાજપથ લી.

રાજકોટ

**વિષય :**રાજકોટ રાજપથ લી. દ્વારા બી.આર.ટી.એસ. ૧૮ બસ શેલ્ટર્સની સફાઈ માટે સફાઈ કામદાર તથા સુપરવાઈઝર પુરા પાડવાના કામે ત્રિ-વાર્ષિક કોન્ટ્રાક્ટ કરવાના કામનું ટેન્ડરના પ્રાઈઝ બીડ બાબતે

માનનીય સાહેબશ્રી,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે , અમારા દ્વારા ભરવામાં આવેલ પ્રાઈઝ બીડ નીચે ટેબલમાં દર્શાવેલ છે. અમારા દ્વારા "પ્રાઈઝ બીડ ની સુચનાઓ" વાંચવામાં તથા સમજવામાં આવેલ છે

| શેડ્યુલ – " એ" | | |
|---|---|---|
| ક્રમ | કામની વિગત | કામની અંદાજીત કિંમત પ્રતિ વર્ષ |
| ૧ | **રાજકોટ રાજપથ લી.ના ૧૮ બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સ ખાતે હાઉસ કીપીંગ નું કામ** | **રૂ|. ૧૬,૨૭,૯૦૦/-<br>(અંકે રૂ|. સોળ લાખ સત્યાવીસ હજાર નવસો પુરા/-)** |

આથી ઉપરોક્ત કામ અમો ઉપર દર્શાવેલ કિંમતનાં .........................% વધુ/ઓછા ભાવથી પ્રતિ વર્ષ કરી આપીશું.

**પ્રાઈઝ બીડ માટેની સુચના –**

**૧. ઉપરોક્ત ભરવામાં આવેલ ભાવ સરકારશ્રી તરફથી લાગુ પડતાં વખતોવખતનાં તમામ પ્રકારનાં ટેક્સ સહિતનાં છે.**

**૨. પ્રાઇઝ બીડ ઓનલાઇન ભરવાની રહેશે.**

**(Signature and Seal of the Bidder with date)**